ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૩ ટકા ● સાંજે ૧૫ ટકા

# એસ.ટી.ડેપોની સામેથી ભ્રુણ મળી આવતા ચકચાર

## ડેપો આસપાસ ભટકતી એક ભિક્ષુક મહિલનું ભ્રુણ હોવાનું ખુલતા પોલિસ ગંભીર બની : કોઈ વિકૃત તત્વોએ ભિક્ષુકને ગર્ભવતી બનાવી હોવાની શંકાએ પોલિસે તપાસ તેજ બનાવી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના એસ.ટી. ડેપોની સામે રીક્ષા સ્ટેન્ડ પાસેથી આજે સવારે ચારેક માસનું માનવ ભ્રુણ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. જો કે આ ભ્રુણ એક ભિક્ષુક મહિલાનું હોવાનું ખુલતા પોલિસ ઘટનાની ગંભીરતા સમજી ભિક્ષુકને તાત્કાલિક સારવાર અર્થે લઈ ગઈ હતી અને કોઈ વિકૃત તત્વો આ ભિક્ષુકને ગર્ભવતી બનાવી ગયું હોય તેવી શંકાને આધારે પણ ઝીણવટભરી તપાસ સે-૭ પોલિસ મથકમાં સેકન્ડ પી.આઈ.એ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ઘ-૩ સર્કલ પાસે એસ.ટી. ડેપોની સામેના ભાગે સેકટર-૭ના ખુણા પાસે રીક્ષા સ્ટેન્ડ નજીકથી આજે સવારે એક માનવ ભ્રુણ મળી આવ્યું હતું. એક રીક્ષા ડ્રાઈવરનું ધ્યાન અચાનક ભ્રુણ ઉપર પડતા તેણે પોલિસ બોલાવી લીધી હતી. સે-૭ પોલિસ સ્થળ પર આવી ગઈ હતી અને તપાસ કરતાઆ ભ્રુણ ડેપો આસપાસ ફરતી એક ભિક્ષુક મહિલાનું હોવાનું ધ્યાને આવ્યું હતું. માનસિક રીતે બિમાર આ ભિક્ષુકને ગર્ભવતી કોણે બનાવી? તે બાબત પર પોલીસે ગહન તપાસ શરુ કરી છે. ભિક્ષુકને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જરુરી સારવાર શરુ કરવામાં આવી છે. ભ્રુણનું પોસ્ટ મોર્ટમ કરાવીને ડીએનએ ટેસ્ટ પણ કરવામાં આવ્યો છે તો બીજી તરફ ભિક્ષુક મહિલા પરિણીત છે કે કેમ? તે સહિતની તપાસ પણ શરુ કરવામાં આવી છે. તે અપરિણીત હોવાનું પ્રાથમિક તબક્કે બિનસત્તાવાર જાણવા મળ્યું છે. તો આ ભિક્ષુકને ગર્ભવતી કોણે બનાવી? તે બાબત વધુ ગંભીર બની છે કોઈ વિકૃત તત્ત્વોએ આ હિન કૃત્ય કર્યું હોવાની શંકાને આધારે પણ સે-૭ પોલીસે તપાસ તેજ બનાવી છે.



**@ગાંધીનગર**

● સે-૨૪ આદર્શનગર પીળા પટ્ટા ખાતે આયોજીત શિવ મહાપુરાણ કથામાં રામેશ્વર પ્રાગટય અને હનુમાનજી ઝાંખી દર્શનનો લાભ બપોરે ૩.૩૦ થી ૬.૩૦ કલાક દરમિયાન ભકતો લઈ શકશે.

# ઘરે મોડા આવવા બાબતે માતાએ ઠપકો આપતા દિકરીનો આપઘાત

ગાંધીનગર, તા.૭

અડાલજ નજીક ઝુંડાલથી ખોરજ નર્મદા કેનાલ પાસેથી ગઈ કાલે ઈ-બાઈક મળી આવ્યું હતું. કેનાલમાં તપાસ કરતા ૩૫ વર્ષીય યુવતીનો મૃતદેહ મળી આવ્યો હતો. ઈ-બાઈકમાંથી એક ફર્નિચરની દુકાનનું કાચુ બિલ મળી આવ્યું હતું તેને આધારે અડાલજ પોલીસે મૃતકની ઓળખ કરી અને ઘર સુધી પહોંચી શકી હતી. અડાલજ પોલિસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ કરતા પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે માતાએ ઘરે મોડા આવવા બાબતે ઠપકો આપ્યો હોવાથી આ પગલું ભરી લીધું હતું.

ગઈ કાલે ઝુંડાલ-ખોરજ નર્મદા કેનાલના પુલ નજીકથી એક બિનવારસી ઈ-બાઈક મળી આવ્યું હતું. પોલીસે



સ્થળ પર પહોંચી કેનાલમાં તપાસ કરાવતા એક અજાણી યુવતીનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતક યુવતીની ઓળખ માટે પોલીસે દોડધામ કરી અને આસપાસના પોલિસ સ્ટેશનોમાં પણ જાણ કરી પરંતુ તેની ઓળખ થઈ શકી ન હતી. દરમિયાન ઈ-બાઈક તપાસતા અંદરથી એક ફર્નિચરની દુકાનનું કાચુ બિલ મળ્યું હતું. તેમાં સરનામું લખેલું હતું. આ સરનામા આધારે પોલિસ તે સ્થળે પહોંચી ત્યારે ખ્યાલ આવ્યો કે તે ૩૫ વર્ષીય દ્દષ્ટિબેન ભૂલાભાઈ મહેતા હતી. અપરિણીત આ યુવતીને તેણીની માતાએ ઘરે મોડા આવવા બાબતે ઠપકો આપતા તે રીસાઈને ઘર છોડીને ભાગી ગઈ હતી. દરમિયાન ગઈ કાલે તેણીનો કેનાલમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલિસે મૃતદેહ પી.એમ. કરાવી મૃતદેહ પરિવારજનોને સોંપી આપઘાતનું ચોકકસ કારણ બહાર લાવવા વધુ તપાસ આરંભી છે.

# ગોકુળપુરામાં ગણેશ સ્થાપનાના દિવસે જ કન્યાનો ગળે ફાંસો

ગાંધીનગર, તા.૭

શહેરના ગોકુળપુરા છાપરા વિસ્તારમાં રહેતી ૨૦ વર્ષીય યુવતીએ ઘરના બાથરૂમમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. આત્મહત્યા મામલે સેકટર-૭ પોલિસ મથકે ફરીયાદ નોંધાઈ હતી જેની પોલિસ તપાસ કરી રહી છે અને આત્મહત્યાનું સાચું કારણ શોધી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર શહેરના સે-૧૪માં ગોકુળપુરા છાપરા વિસ્તાર આવેલો છે જયાં એક-બે દિવસમાં સમાજ દ્વારા સમુહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. આ લગ્ન મહોત્સવમાં ગોકુળપુરામાં જ રહેતા દેવજીભાઈ ભરવાડની બે દિકરીઓના પણ લગ્ન થવાના હતા. આજે જ દેવજીભાઈની બે દિકરીની ગણેશ સ્થાપનની વિધિ હતી. લગ્નની ખુશી અને શરણાઈ વચ્ચે જ આખો લગ્નનો પ્રસંગે આ પરિવારમાં માતમમાં બદલાઈ ગયો હતો.

દિકરીના પરીવારજનો ગણેશ સ્થાપન અને પીઠીની તૈયારી કરી રહ્યા હતા ત્યાં ૨૦ વર્ષીય ભાવના દેવજીભાઈ ભરવાડે અગમ્ય કારણોસર ઘરના જ બાથરૂમમાં દુપટ્ટો બાંધી આત્મહત્યા કરી લીધી હતી. આ દરમિયાન બાથરૂમમાં દિકરીને મોડું થતા દિકરીના કાકાને શંકા જતા તપાસ કરી હતી અને બાથરૂમની બારીની ગ્રીલ ઉપર દુપટ્ટો બાંધેલો દેખાયો હતો તપાસ કરતા દિકરીએ આત્મહત્યા કરી લીધી હોવાનું જાણવા મળ્યું હતું.

આ ઘટનાને પગલે લગ્નથી ભરેલા ઘરમાં શોકની કાલીમા છવાઈ ગઈ હતી અને તુરંત પોલીસને જાણ કરવામાં આવી હતી. જેથી સે-૭ પોલિસ બનાવ સ્થળે દોડી આવી હતી અને યુવતીના મૃતદેહનું પંચનામું કરી તેને પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો જેની તપાસ સેકટર-૭ પોલિસ મથકના જમાદાર કાનાજી ચલાવી રહ્યા છે.

**વાતવાતમાં**

● શહેરના સેકટરોમાં ઉનાળાની ગરમીના કારણે લોડ વધી જવાની સમસ્યા સર્જાવાથી વારંવાર ફોલ્ટ થાય છે જેને કારણે રીપેરીંગ માટે લાઈટો બંધ કરી ખોદકામ કરવું પડે છે લાઈટો બંધ રહેવાથી વસાહતીઓની હાલત ત્રાસજનક થઈ જવા પામી રહી છે.

● શહેરમાં અનેક સ્થળોએ બનાવાયેલા જાહેર પે એન્ડ યુઝ શૌચાલયોમાંથી કેટલાકમાં પાણી જ નહીં હોવાથી શહેરના વેપારીઓ તથા બહારગામથી આવતા સેલ્સમેનો સહિતના મુલાકાતીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

# આદીવાડા ગામના નાગરીકો ગંદકીથી પરેશાન

ગાંધીનગર શહેરના સમાવિષ્ટ આદિવાડા ગામમાં પ્રાથમિક સગવડનો તો અભાવ છે. પરંતુ ગામમાં ભર ઉનાળે ચોમાસા જેવી સ્થિતિ સર્જાઈ છે. ગટરોના ગંદા પાણી ગામના માર્ગો પર ફરી વળતા કાદવ-કીચડથી ગ્રામજનો હેરાન થઈ ગયા છે. ગટરો ઉભરાવવાની સમસ્યા સમયાંતરે ઉદ્દભવે છે. તંત્ર દ્વારા ગામની ગટરોની સાફ સફાઈ કર્યા બાદ ગણ્યાં-ગાંઠયા દિવસોમાં જ ફરી પાછી હતી તેવી પરિસ્થિતિ થઈ જાય છે. નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો ઉભો થવા પામ્યો છે. જયારે આદિવાડાના ગંદા પાણી પાછળ આવેલ જીઆઈડીસી વિસ્તારમાં પણ ફેલાતા વેપારીઓને પણ હેરાની વેઠવાનો વારો આવે છે. ત્યારે ગટરો ઉભરાવાની સમસ્યાનો અંત તંત્ર દ્વારા કાયમી ધોરણે લાવવામાં આવે તેમ ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્વચ્છ ભારતનું કેમ્પેઈન ચલાવી રહ્યા છે. ગાંધીનગર શહેરમાં પણ સ્વચ્છતા અભિયાનને અનુલક્ષી વિવિધ સ્થળોની સફાઈ કરવામાં આવે છે. પરંતુ શહેરમાં પણ કચરાના ઢગ ખડકાયેલા તો જોવા મળે છે. તેની સાથો સાથે નગરમાં સમાવેશ ગામોની પરિસ્થિતિ તો અત્યંત વિપરીત છે. ગટરોના ગંદા પાણી અને ખદબદતી ગંદકી વચ્ચે રહેવા માટે ગ્રામજનો મજબુર બન્યા છે. ધોળાકુવા, આદિવાડા, ફતેપુરા, ઈન્દ્રોડા, બોરીજ સહિતના ગામોને પાયાની સુવિધાઓ તો મળી નથી. ત્યારે ગામોમાં સમસ્યાઓની ભરમાર જોવા મળે છે. સુવિધાથી વંચિત ગામો દુવિધાથી ભરાયેલા જોવા મળે છે. નગરના આદિવાડા ગામમાં છેલ્લા ઘણા સમયથી ગટરો ઉભરાતી હોવાની સમસ્યા આંતરે દિવસે ઉભી થાય છે. તંત્ર દ્વારા સમસ્યાનું સમાધાન થાય છે અને ગણતરીના દિવસોમાં પાછી હતી તેવી ગટરો થઈ જાય છે. ગટરોના ગંદા પાણી ગામના માર્ગો સહિત બેક મારતા પાછળ આવેલ જીઆઈડીસી વિસ્તારમાં પણ ફરીવળતા વેપારીઓ હેરાન પરેશાન થઈ જાય છે. ત્યારે તંત્ર દ્વારા કાયમી ઉકેલ લાવવામાં આવે તેવું નાગરીકો ઈચ્છી રહ્યા છે.

# પક્ષીપ્રેમીઓએ ૨૦ હજાર પાણીના કુંડાનું વિતરણ કર્યું

ગાંધીનગર, તા.૭

સૂર્યદેવના તાપથી સમગ્ર ગુજરાત આકરી ગરમીનો અહેસાસ કરી રહ્યું છે. પશુ-પંખી સહિત સમગ્ર જીવ સૃષ્ટિ હેરાન પરેશાન થઈ રહી છે. માનવ જીવન તો કયાંક ને કયાંક પોતાના માટે પાણીની વ્યવસ્થા કરી શકે છે. પરંતુ ઉનાળાની આકરી ગરમીમાં અબોલ પક્ષીઓ મુશ્કેલીમાં મુકાઈ જાય છે. ત્યારે શહેરમાં ઉનાળાની અંગ દઝાડતી ગરમીમાં પક્ષીઓને બચાવવા માટે અને તેમના માટે પાણીની વ્યવસ્થા માટે પક્ષી પ્રેમીઓ સતત કાર્યરત રહે છે. ગાંધીનગરમાં પણ આજે સેકટર-૨૧ ડ્રીસ્ટ્રીકટ શોંપીગ સેન્ટર ખાતે સે-૨૨ સ્થિત શ્રી રામ ચેરીટેબલ



ટ્રસ્ટના સહયોગથી પક્ષીઓ માટે પાણીના ૨૦ હજાર કુંડાનું વિતરણ કર્યુ હતું. સવારે ૯ કલાકે થી રાત્રીના ૧૦ વાગ્યા સુધી કુંડાં વિતરણની કામગીરી ચાલી હતી. ત્યારે ઉનાળાની ગરમીમાં કુંડા લેવા આવનાર પક્ષીપ્રેમીઓ માટે ઠંડી છાશનું વિતરણ કર્યુ હતું. કુંડા લેવા માટે સવારથી જ પક્ષીપ્રેમીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો. જયારે યુવાનોની આ પક્ષી પરબની સેવાને શહેરના નાગરીકોએ બિરદાવી હતી.

ઉનાળાની ગરમીમાં માનવી પણ પાણી વિના રહી શકતો નથી. ત્યારે પક્ષીઓની હાલત પાણી વિના દયનીય બને છે. ઉનાળાની ગરમીમાં પાણી ન મળતા પક્ષીઓ પણ નીચે પડી જાય છે. તેવી સ્થિતિમાં ગાંધીનગરની સામાજીક સેવા સંસ્થા શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટના હોદેદારોએ સેકટર-૨૧ ડિસ્ટ્રીકટ શોંપીગ સેન્ટર ખાતે સવારે ૯ થી રાત્રીના ૧૦ વાગ્યા સુધી પાણીના કુંડાનું વિતરણ કાર્ય શરુ રહ્યું હતું. ટ્રસ્ટે અંદાજે ૨૦ હજાર કુંડાનું વિતરણ કર્યુ હતું. શહેરના નાગરીકોએ પણ સેવાના આ ભગીરથ કાર્યમાં જોડાઈને પક્ષીઓની પાણીની વ્યવસ્થા કરવામાં મદદ કરી હતી. આ સેવા કાર્યમાં ટ્રસ્ટના પ્રમુખ વિજય શર્મા, કૃપેશ મોદી, શહેર ભાજપ યુવા અગ્રણી ધવલ દવે, અમિત ગોંડ, ગીરીરાજસિંહ પરમાર, રવિ પ્રજાપતિ, સુનિલ મનસીયા સહિતના સેવાભાવી કાર્યકરોએ સેવા આપી હતી.

**આઈ લવ માય ગાંધીનગર**



**વૈશાલી મોઢિયા**

**ગાંધીનગર ગમે**

સ્વચ્છ, પહોળા રસ્તાની ચારેબાજુ લીલાંછમ વૃક્ષો, મોરના ટેહુંક અવાજ, આહ્લાદક વાતાવરણને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**

સાંસ્કારી, સેવાભાવી સજ્જનો, પારકાને પોતાના કરનાર, નિઃસ્વાર્થ ભાવે બીજા માટે ઘસાઈ જનાર લોકો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

વાઈબ્રન્ટ ગુજરાત, સંસ્કૃતિ કુંજ મેળા, કૃષિમેળા, પુસ્તક મેળા, વિવિધ સંસ્થાની પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

દરેક આશાવાદી યુવાન સ્વચ્છતાનો અનુસારે, વ્યસનમુક્ત જીવન જીવવાની પ્રેરણા મેળવે તે જરૂરી છે.

**નગર માટે હું કરી શકું**

સ્વચ્છતા જાળવવા અને લોકસેવા માટે હંમેશાં તત્પર છું.

# ટ્રાફિકના નિયમોનું પાલન કરવાની પ્રતિજ્ઞા લઈ આપી સાચી શ્રધ્ધાંજલિ

## અકસ્માતથી ઘાયલ થઈ અવસાન પામનાર સે-૧૬ના સ્વ. ચિંતન વિડજાના બેસણામાં અનોખો ચીલો ચાતરાયો પ્રતિભાશાળી લાડકવાયો ગુમાવનાર પરિવારને દિલાસા સાથે સ્વજનોએ સદગતને સાચી શ્રધ્ધાંજલિ અર્પણ કરી



**સંબંધ સજાવે જિંદગી**

સમીર રામી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના સેકટર-૧૬માં મહાત્મા ગાંધી માધ્યમિક સ્કૂલ ખાતે આજે એટલે કે તા. ૭મી મે ૨૦૧૭ના રોજ એક બેસણું યોજાયું હતું. જેમાં સે-૧૬ના જ એક યુવાનનું થોડા દિવસ પૂર્વે અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાના કારણે દુઃખદ અવસાન થયું હતું. આ બેસણામાં ઉપસ્થિત સ્વજનો, સ્નેહીજનો, ઓળખિતા-પાળખિતા સર્વે સદગતના પરિવારને સાંત્વના અને દિલાસો આપવા તથા દુઃખની ઘડીમાં સધિયારો આપવા આવ્યા હતા. પોતાના વ્હાલસોયા લાડકવાયાને ગુમાવવાની દુઃખ સાથે ભાંગી પડવાને બદલે આ બેસણામાં સૌના આશ્ચર્ય વચ્ચે સદગતના પરિવારજનોએ ઉપસ્થિત તમામ સ્નેહીજનો તથા સ્વજનોને જીવનમાં હંમેશા ટ્રાફિકના નિયમોનું પાલન કરવાના શપથ લેવડાવ્યા હતા. પોતાનો કુળ દિપક ભલે અકાળે બુઝાયો પરંતુ ભવિષ્યમાં બીજા કોઈ પરિવાર પર આવી આપત્તિ આવી ના પડે તે હેતુથી અનોખો હિંમતભર્યો ચીલો ચાતરવાના આ પ્રયાસને સૌ કોઈએ હૃદયથી વધાવી લઈ હવે જીવનભર ટ્રાફિકના નિયમોનું પાલન કરવાના હોંશે હોંશે શપથ લીધા હતા.

સેકટર-૧૬માં છ ટાઈપ સરકારી આવાસમાં રહેતા મુકુંદભાઈ વિડજા અને તેમના





ધર્મપત્નિ ગીતાબેનનો ૧૬ વર્ષીય તરૂણ દિકરો ચિંતન તા. ૧૬મી એપ્રિલે પોતાની માતાને 'હું લાયબ્રેરીએ વાંચવા જાઉ છું' કહી ઘરેથી નીકળ્યો હતો કારણકે કે બીજા દિવસે તેની ધોરણ-૧૧ની વાર્ષિક પરીક્ષાનું અંગ્રેજીનું પેપર હતું. હજુ ગત વર્ષે ધો-૧૦ની બોર્ડની પરીક્ષામાં ૭૫ ટકા ગુણ પ્રાપ્ત કરનાર ચિંતન ભણવામાં અત્યંત હોંશિયાર હતો અને અભ્યાસ પ્રત્યે ખુબ ગંભીર રહેતો હતો. ઘરેથી નીકળ્યા બાદ રસ્તામાં મહાત્મા મંદિર પાસે તે કોઈ કારણસર તેનું વાહન બાજુમાં ઉભું રાખી ઉભો હતો ત્યારે ત્યાં અચાનક ધસમસતી આવેલી ઈકો કારના ચાલકે તેને જોરદાર ટકકર મારતા તે અત્યંત ગંભીર હાલતમાં ઈજાગ્રસ્ત થયો હતો. કારચાલક તો અકસ્માત બાદ ઘટના સ્થળે કાર પડતી મુકી ભાગી ગયો પરંતુ અકસ્માત સ્થળે એકઠા થયેલા નાગરિકો રીક્ષામાં ઈજાગ્રસ્ત ચિંતનને ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા ત્યાંથી તેની પરિસ્થિતિ અત્યંત ગંભીર હોવાને કારણે એપોલો હોસ્પિટલ લઈ જવાયો હતો.

ચિંતનને માથાના ભાગે ૮થી વધુ ગંભીર ઈજાઓ તથા શરીરના અન્ય ભાગે મળીને કુલ ૨૬ જેટલી ઈજાઓ થવા સાથે તે કોમામાં સરી પડયો હતો. તા. ૨૮મી એપ્રિલ સુધી ચિંતનની સ્થિતિમાં કોઈ ફેર ના પડતા અંતે તેને અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતેની ટ્રોમા સેન્ટરમાં ટ્રાન્સફર કરાયો હતો જયાં તેનું તા. ૧લી મેના રોજ સાંજે આશરે ૮.૩૦ કલાકે દુઃખદ અવસાન થવા પામ્યું હતું. ચિંતનના અવસાન સાથે જ મુકુંદભાઈ વિડજા તથા ગીતાબેનના પરીવાર પર જાણે વિજળી તુટી પડી હતી અને પોતાનો લાડકવાયો દિકરો ગુમાવતા તેઓ આઘાતમાં સરી પડયા હતા. ચિંતનની નાની બહેન વિધિ પણ પોતાના ભાઈને ગુમાવવાને કારણે ભાંગી પડી હતી એટલું નહીં પરંતુ તેમના આડોશી-પાડોશીઓ, મિત્રો-સ્વજનો જે કોઈને પણ આ સમાચાર મળ્યા તેઓ તમામ ઘેરા શોકમાં ગરકાવ થઈ જવા પામ્યા હતા. એક પરિવારે અત્યંત તેજસ્વી, હોનહાર પ્રતિભાશાળી પુત્ર ગુમાવ્યો હતો. જયારે તેના મિત્રોએ સદાય હસતો, ઉત્સાહથી તરવરતો અને જોશથી ઉભરાતો દોસ્ત ગુમાવ્યો હતો. ચિંતન અને તેની લાડકીબહેન વિધિ બંને વચ્ચે ગજબનું બંધન હતું. બંને ભણવામાં હોંશિયાર હોવા સાથે અભ્યાસેતર પ્રવૃત્તિઓ જેવી કે રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સાહસિક પ્રવૃત્તિઓ-રમતો, નવરાત્રીમાં ગરબા વગેરેમાં પણ અગ્રેસર રહેતા અને ઈનામો પણ જીતી લાવતા હતા. ચિંતનને મોડેલિંગ અને ફોટોગ્રાફીનો શોખ હોવા સાથે પ્રવાસ-પર્યટનનું પણ તેને ખુબ ઘેલું હતું કારણ કે તે પર્યાવરણ પ્રત્યે ખુબ આકર્ષણ ધરાવતો હતો. હજુ તો પરીક્ષા પહેલા જ તેણે પિતા સમક્ષ વેકેશનમાં દીવ-સોમનાથની ટુર કરાવી દેવા માંગ કરી હતી કેમ કે પછી તેને ધો-૧૨ના બોર્ડની તૈયારીમાં લાગી જવું હતું. ભવિષ્યમાં મિકેનિકલ એન્જિનીયરીંગ કરી પાયલોટ બનવાની ખેવના ધરાવતો ચિંતન અડોશ પડોશમાં પણ ખૂબ લોકપ્રિય હતો. પોતાની હાજરી માત્રથી તમામના ચહેરા ખિલવી દેતા આ જોશીલા તરવરીયા યુવાનનો જીવનદીપ એક કારચાલકે સર્જેલા ગંભીર અકસ્માતે અકાળે બુઝાવી દીધો છે.

આપણા દેશમાં હવે જેટલી જીંદગી ત્રાસવાદના કારણે હોમાય છે તેનાથી પણ વધુ મોત અકસ્માતના કારણે થાય છે અને આ અકસ્માતો પાછળનું મુખ્ય કારણ વાહનચાલકોની બેદરકારી તથા ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન છે. આ વાતને સુપેરે સમજેલા ચિંતનના પિતાએ તથા તેમના સ્વજનોએ ચિંતનને હૃદયથી શ્રધ્ધાંજલિ અર્પિત કરવાના હેતુથી તેના બેસણામાં અનોખો ચીલો ચાતર્યો છે. ચિંતનના બેસણામાં તેમના દુઃખમાં સહભાગી થવા આવનાર તમામને તેમણે ટ્રાફીકના નિયમોનું યોગ્ય રીતે પાલન કરવાના શપથ લેવડાવતી એક પત્રિકા છપાવી વહેંચી હતી અને એટલું જ નહીં પરંતુ બેસણામાં દરેકને આ પ્રતિજ્ઞા લેવડાવી તેમના જીવનમાં આવી દુઃખદ ઘટના ના સર્જાય તેવી કામના કરી હતી. સ્વજનોએ પણ જીવનમાં ટ્રાફિકના નિયમોનું મહત્વ તથા ગંભીરતા સમજી તેનું પાલન કરવાની પ્રતિજ્ઞા ઉઠાવી ચિંતનના આત્માની શાંતિ માટે સાચી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

# શહેરના વોર્ડ નં-૧ ના નગરસેવકે યુવાનોને વ્યસન મુકિતના સંકલ્પ લેવડાવ્યા

આજના યુગમાં નાના બાળકથી લઈ સૌ કોઈ ઈન્ટરનેટ માધ્યમને પગલે મોબાઈલ ફોનમાં ગળાડુબ જોવા મળે છે. બાળકો તેમજ યુવાનો ભારતીય મુળ સંસ્કારોથી દુર થઈ રહ્યા છે ત્યારે વોર્ડ નં-૧ ના નગરસેવક બરખાબેન જહા દ્વારા યુવાનોમાં સારા સંસ્કારનું સિંચન થાય તેવા ઉમદા હેતુ અને ગાયત્રી પરિવારના સહયોગથી એકતા કોલોની સે-૨૭ ખાતે ગાયત્રી સંસ્કાર યજ્ઞ યોજાયો હતો. આ યજ્ઞમાં યુવાનોમાં રાષ્ટ્રભાવના, ધર્મભાવના, સદભાવના કેળવાય તેવા સંસ્કારોનું સિંચન કરાયું હતું. આજના યુવાનો પાન-મસાલા, બીડી-સિગરેટ, તમાકુ સહિત અવનવી ગુટખાના રવાડે ચડીને પોતાનું જીવન બરબાદ કરે છે. જેથી યુવાનો વ્યસનના દુષણથી દુર રહે તે માટે વ્યસન મુકિતના સંકલ્પ લેવડાવ્યા હતા. જયારે દેશના જવાનોનુ મનોબળ વધે તેમજ તેઓ સુરક્ષિત રહે તે માટે ખાસ આહુતિ આપવામાં આવી હતી. જયારે આ પ્રકારના યજ્ઞ શહેરમાં વિવિધ સેકટરોમાં યોજીને સંસ્કારલક્ષી વાતાવરણ નિર્માણ કરવામાં આવશે તેમ નગરસેવક બરખાબેન જહાએ જણાવ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. રમેશજી કાનાજી ઠાકોર, ઉ.વ. ૩૩
- સ્વ. રાગિણીબેન નવીનચંદ્ર ઠકકર, ઉ.વ. ૫૪
- સ્વ. ભાવનાબેન દેવશીભાઈ લીલાપરા, ઉ.વ. ૨૨
- સ્વ. રમેશજી શકરાજી ઠાકોર, ઉ.વ. ૬૨
- સ્વ. સતવંતકૌર વરીયામસિંગ છાબડા, ઉ.વ. ૭૭